પ્રવિણ પટેલનું મેયર અને કાઉન્સીલર પદેથી રાજીનામુ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર પ્રવિણ પટેલે આજે મેયરપદેથી તેમજ કાઉન્સીલર તરીકે રાજીનામુ આપી દઈ સૌને ચોંકાવી દીધા છે. તેમણે તેમના પર કોર્ટમાં ચાલી રહેલા પક્ષાંતરધારા કેસમાં વધુ એક એફીડેવીટ કરવા માટે થઈ રહેલા દબાણથી થાકી જઈ આજે સાંજે ચાર વાગે રાજીનામુ આપી દીધુ છે.

ત્રીસ મહિનાથી પણ વધુ સમય સુધી મેયરપદ સંભાળનાર પ્રવિણ પટેલને રાજીનામાના મુદ્દે ભારે દબાણ સરકારમાંથી પણ હતુ એટલુ જ નહિ એક તબક્કે પ્રભારી કે.સી. પટેલે તેમને થોડીક રાહ જોવાનુ કહ્યુ હતુ છતાં પણ દબાણને વધુ વશ થવા કરતાં રાજીનામાનો વિકલ્પ તેમણે પસંદ કર્યો હતો.

જો કે તેમણે રાજીનામુ પોતાની સ્વૈચ્છાએ આપ્યાનું પત્રકારો સાથેની ટૂંકી વાતમાં કહ્યુ હતુ. જોકે તેમનુ રાજીનામુ આપવા જવુ અને રાજીનામુ આપી દીધાની વાત બહાર આવતાં જ મનપા સંકુલમાં ઉપસ્થિત પક્ષના હોદ્દેદારોએ ચાલતી પકડી લીધી હતી.

મેયર પ્રવિણ પટેલે આજે બે અલગ-અલગ રાજીનામા મ્યુનિ. કમિશનરને ઉદ્દેશીને આપ્યા છે.

ભાજપની જૂથબંધીએ ક્વોલીટી બગાડી નાખી...

આજે મેયર અને કાઉન્સીલર તરીકે રાજીનામુ આપ્યાની વાત વાયુવેગે પ્રસરતાં મનપા સંકુલમાં હાજર વિપક્ષી નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ તેમનો પ્રતિભાવ આપતાં કહ્યું હતુ કે આંતરિક જૂથબંધીથી ત્રસ્ત ભાજપે સાચે જ ક્વોલીટી બગાડી નાખી..!

તેમણે જણાવ્યુ હતુ કે મેયર પ્રવિણ પટેલ સારી રીતે સંચાલન કરી રહ્યા હતા પરંતુ ભાજપની આંતરિક જૂથબંધી અને મેયરપદની ઘેલછાને કારણે ભાજપે સાચા અર્થમાં ક્વોલીટી બગાડી નાખી.

તેમણે અંકિત બારોટના અપહરણનો મુદ્દો પણ ટાંક્યો હતો અને કહ્યુ હતુ કે જિલ્લાના રાજકારણમાં આવુ ક્યારેય નથી થયુ. આયા રામ ગયા રામની રાજનીતિ અલગ છે પણ જે રીતે જૂથબંધીનો શિકાર પ્રવિણભાઈ પટેલ બન્યા છે તેનુ દુઃખ ચોક્કસ છે.

૧૯મીની બોર્ડ બેઠક ડે. મેયર ચાવડાના અધ્યક્ષપદે મળશે

ગાંધીનગર મહાનગર પાલિકાની ૧૯મીએ મળનારી સામાન્ય સભાનું અધ્યક્ષપદ હવે આજની સ્થિતિએ ડે. મેયર દેવેન્દ્રસિંહ ચાવડા સંભાળશે.

૧૯મીએ મળનારી મનપાની સામાન્ય સભામાં વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રને મંજૂર કરાવનો મુદ્દો છે. આ બેઠકને લઈ પણ રાજકીય ઉત્તેજનાઓ વધી જવા પામી છે.

પ્રવિણ પટેલ પહેલા કાઉન્સીલર જેમણે રાજીનામુ આપ્યુ

૧લી મે ૨૦૧૦ના રોજ રચાયેલ ગાંધીનગર મનપામાં હોદ્દા પરથી રાજીનામુ આપનાર પ્રવિણ પટેલ પહેલા કાઉન્સીલર બન્યા છે. આ સાથે નગરમાં મનપાની રચના પછી પહેલીવાર પેટા-ચૂંટણી પણ યોજાશે. પ્રવિણ પટેલ પ્રથમવાર જીત્યા ત્યારે સ્થાયી સમિતિના ચેરમેન બન્યા હતા. આ હોદ્દો તેમણે ૨॥ વર્ષ સુધી સંભાળ્યો હતો. આ પછી દ્વિતીય સામાન્ય ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર તરીકે વિજયી થયેલા પ્રવિણ પટેલે મેયરપદની ઓફર મળતાં કોંગ્રેસને રામ રામ કર્યા હતા. આમ પહેલી ચૂંટણીમાં ભાજપને રામ-રામ કરનાર પ્રવિણ પટેલે બીજી ચૂંટણીમાં કોંગ્રેસને રામ-રામ કર્યા છે. આજે તેમણે આપેલા રાજીનામા પછી ભાજપની સ્થાનિક નેતાગીરીએ તો મૌન ધારણ કરી લીધુ છે. જોકે તેઓ પ્રદેશ નેતાઓ સાથે સંપર્કમાં હોવાનું જાણવા મળેલ છે.

સૌથી વધુ મેયર આપનાર વોર્ડ નં. ૩માં પહેલીવાર મનપાની પેટા-ચૂંટણી યોજાશે

ગાંધીનગર મહાનગરપાલિકાની સૌથી વધુ મેયરપદના ઉમેદવાર આપનાર વોર્ડ નં. ૩ માં હવે પહેલીવાર મનપામાં પેટા ચૂંટણી યોજાશે.

ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર અને કાઉન્સીલર પદેથી રાજીનામુ આપનાર પ્રવિણ પટેલ વોર્ડ નં. ૩માંથી વિજયી થયા હતા. તેમણે ભાજપના પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણાને ૮૯ મતે પરાજય આપ્યો હતો. પરંતુ આ પછી ભાજપે પ્રવિણ પટેલને મેયરપદની ઓફર કરતાં તેઓ ભાજપમાં જોડાઈ ગયા હતા.

ગાંધીનગર મનપાના ત્રણ મેયર અત્યાર સુધી બન્યા છે તે ત્રણેય મેયરો વોર્ડ નં. ૩ માંથી ચૂંટાઈને મેયર તરીકે આપ્યુ છે.

ભાજપમાં છેલ્લા કેટલાક સમયથી જે રીતે જૂથબંધીની વાતો બહાર આવી રહી છે તેનાથી પ્રદેશ નેતાગીરી પણ ચિંતીત છે. છેલ્લા બે દિવસથી પ્રભારી મંત્રી શહેર એકમ અને જિલ્લા એકમના હોદ્દેદારો સાથે અલગ-અલગ બેઠકોનો દોર પણ ચલાવી રહ્યા છે.

દરમ્યાન ગાંધીનગર મનપાના કાનૂની વિવાદનો ઝડપી ઉકેલ લાવવાના ભરપૂર પ્રયાસો પછી મામલો કોર્ટમાં પેન્ડીંગ છે અને આગામી ૧૮મીએ આ કેસની મુદત પણ છે. હવે સૌની નજર ૧૮મીએ વડી અદાલતમાં શું થાય છે તેના પર સૌની નજર મંડાયેલી છે.

મનપાના કાઉન્સીલર અને મેયર તરીકે પ્રવિણ પટેલે આપેલા રાજીનામાને પગલે સ્થાનિક નેતાઓની બેઠકોનો દોર પણ શરૂ થઈ ગયો હોવાનું રાજકીય વર્તુળોમાંથી જાણવા મળેલ છે. માત્ર બે લીટીના રાજીનામાના પત્રમાં પ્રવિણ પટેલે કોઈ જ કારણ દર્શાવ્યુ નથી અને પત્રકારોને પણ સ્વેચ્છાએ જ રાજીનામુ આપ્યુ હોવાનુ કહ્યુ હતુ.

૭૨ કરોડની પુરાંત ધરાવતુ ગાંધીનગર તાલુકા પંચાયતનું બજેટ અવલોકન માટે મોકલાયુ

રૂ. ૭૨ કરોડની પુરાંત ધરાવતુ ગાંધીનગર તાલુકા પંચાયતનું અંદાજપત્ર આજે જિલ્લા પંચાયતના અવલોકન માટે મોકલવામાં આવ્યુ છે તે અવલોકન થઈ પરત આવ્યા બાદ મંજૂર કરવામાં આવશે.

શોભનાબેન વાઘેલાના અધ્યક્ષપદે આજે મળેલ સામાન્ય સભામાં અનુ.જાતિ-જનજાતિની બહેનોને રોજગારી માટે સિલાઈ મશીન આપવાની જોગવાઈ જે રૂ. બે લાખની હતી તેમાં વધારો કરવાની રજુઆત કોંગ્રેસ દ્વારા થતાં તેનો સ્વીકાર કરવામાં આવ્યો હતો.

કોંગ્રેસના કેટલાક સભ્યોએ શિક્ષણની જોગવાઈ વધારવા માટે રજુઆત કરી હતી પરંતુ તાલુકા વિકાસ અધિકારીએ કરેલી સ્પષ્ટતાઓ પછી સ્વભંડોળની રૂ. ૧૦ લાખની જોગવાઈ યથાવત્ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

તાલુકા પંચાયત મોટી છે અને મંજૂર મહેકમ ઘણુ ઓછુ છે તેમજ કર્મચારીઓ જે આઉટ સોર્સિંગના ફરજો બજાવે છે તેમનો કાર્યભારણ પછી તેમને ચૂકવવામાં આવતુ વેતન અપુરતુ હોવાનો મુદ્દો સામાન્યસભામાં ઉઠ્યો હતો.

આ મુદ્દે સારી એવી ચર્ચા-વિચારણા કરાયા બાદ આવા કોમ્પ્યુટર ઓપરેટર અને વર્ગ-૪ના કર્મચારીઓની આઉટસોર્સિંગમાં ભરતી થઈ છે તેમને કેટલો પગાર-વધારો આપી શકાય તે કાનૂની તેમજ વહીવટીય રીતે ચકાસી અને યોગ્ય કરવાની સત્તા તાલુકા વિકાસ અધિકારીશ્રીને સોંપવામાં આવી છે. આ બેઠકમાં વિકાસના કામોને ઝડપથી મંજૂરી આચારસંહિતા પહેલાં આપવામાં આવે તેવી લાગણી પણ સભ્યોએ વ્યક્ત કરી હતી.

શહેરમાં સ્ટોર્મ વોટર લાઈનની કામગીરી મંદ

સેકટરોમાં મસમોટા ગાબડા રહીશો માટે ગમે ત્યારે જોખમી પુરવાર થાય તેવી દહેશત : સે-૨૬

કિસાન નગર વિસ્તારમાં પણ છેલ્લા ૨૦ દિવસથી કામગીરી ખોરવાઇ : સ્થાનિકોમાં આક્રોશ

ગાંધીનગર તા ૧૪

શહેરમાં દાયકાઓના અંતે સ્ટોર્મ વોટર લાઇનની કામગીરી હાથ ધરવામાં આવી છે. નગરના માત્ર સાત જ સેકટરોમાં સ્ટોર્મ વોટર લાઇન છે .જયારે હાલ નગરના મુખ્યમાર્ગો પર વરસાદી પાણીના નિકાલની લાઇન છે.પરંતુ સેકટરોમાં પણ આ લાઇન નાંખવા માટે કરોડોના ખર્ચે આ કામગીરી હાથ ધરવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. સે-૨૫,૨૬ સહીતના વિસ્તારમાં હાલ આ કામગીરી ચાલી રહી છે. પરંતુ વરસાદી પાણીના નિકાલની લાઇન નાંખવાનુ કામ અત્યંત મંદ ગતિએ ચાલી રહ્યુ હોવાનો આક્રોશ પણ સ્થાનિકોમાં ઉઠવા પામ્યો છે. છેલ્લા ૨૦ દિવસથી કામગીરી બંધ હોવાનુ પણ સ્થાનિકો જણાંવી રહ્યા છે. જેના લીધે મોટામસ ખાડાઓ સ્થાનિકો માટે ગમે ત્યારે જોખમી પુરવાર થાય તેવી દહેશત છે.

સ્ટોર્મ વોટર લાઇનની કામગીરી હાલ સે -૨૬ કિસાનનગરના રીંગ રોડ પર ચાલી રહી છે. છેલ્લા ૨૦ દિવસથી ખાડા ખોદવામાં આવ્યા છે. માર્ગ વચાળે પાઇપો નાંખી છે. માર્ગની બન્ને બાજુ ખાડા કરી પાઇપના જોડાણનુ કામ અધુરુ છોડી દીધુ છે. આ વિસ્તારમાં કામગીરી પણ મંદ ગતિએ ચાલી રહી છે. જુના સેકટરોમાં વરસાદી પાણીના નિકાલની લાઇનનુ કામ હાથ ધરાયુ છે. પરંતુ ઝડપથી કામગીરી ન થતા સ્થાનિકો ત્રાહીમામ પોકારી ગયા છે. મહાનગરપાલિકા દ્વારા કરોડોના ખર્ચે કામગીરી હાથ ધરવામાં આવી છે. આ ભયજનક સ્થિતિ વચ્ચે સ્થાનિકો ગમે ત્યારે અકસ્માતનો ભોગ બને તેવી સ્થિતિ છે. જયારે બાળકો તેમજ મહીલાઓ માટે પણ માર્ગ પર અવરજવર કરવાનુ જોખમી બન્યુ છે. વરસાદી પાણીના નિકાલની લાઇનની કામગીરી સંદર્ભે ખાડાઓ પુરી દેવા પણ સ્થાનિકોએ માંગ કરી છે. નેતાઓએ આ કામગીરી દરમિયાન હસ્તક્ષેપ કરી લાઇનની કામગીરીમાં ફેરબદલ કરી હોવાનો રોષ પણ સ્થાનિકો ઠાલવી રહ્યા છે. પોતાના મકાનોને મધ્યનજરે રાખી સ્થાનિક રાજકીય અગ્રણીઓ મનમાની પુર્વક કામ કરાવી રહ્યા હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. સેકટરના વિકાસ કામો તરફ આમ પણ દુર્લક્ષ્ય સેવાઇ રહ્યુ છે. જયારે નવા કામો સંદર્ભે પણ પક્ષપાતી વલણ અપનાવાતુ હોવાનો આક્રોશ સ્થાનિકો ઠાલવી રહ્યા છે. સેકટરમાં ધાર્મિક હેતુ માટે જગ્યા ફાળવવા તેમજ બગીચાના નિર્માણ સહીતની માળખાગત સુવિધા તેમજ વિકાસની કામગીરીમાં રસ લેતા ન હોવાનો આક્રોશ પણ સ્થાનિકો ઠાલવી રહ્યા છે.

રક્તદાન મહાદાન

ગાંધીનગર એસ.ટી. ડેપોને એક વર્ષમાં ૧૮.૨૫ કરોડની આવક

શહેરી બસ સેવાની ૧૦૬ બસો ઉપરાંત લગ્નવર્ધિ, સરકારી અને ધાર્મિક કાર્યક્રમો તેમજ મુસાફર પાસ યોજના પણ એસ.ટી. તંત્ર માટે ફેવરેબલ

ગાંધીનગર તા ૧૪

સલામત સવારી એસ ટી અમારી એ વિવિધ મુસાફરલક્ષી યોજનાઓ થકી મુસાફરો માટે પૈડા પરની જિન્દગી વધુ અસરકારક બનાવી છે. ગાંધીનગર એસ ટી ડેપોએ પણ એક વર્ષ દરમિયાન રૂ ૧૮.૨૫ કરોડની તગડી આવક કરી હોવાનુ ધ્યાને આવ્યુ છે. ગાંધીનગર ડેપો દ્વારા રોજ ૧૦૬ જેટલી શહેરી બસ સેવા તેમજ લગ્નવર્ધિ તેમજ સરકારી કાર્યક્રમો તેમજ તહેવારોમાં પણ વિશેષ બસ સેવાનુ અસરકારક આયોજન કરવામાં આવે છે.

ગાંધીનગર એસ ટી ડેપો દ્વારા મુસાફરો માટે અસરકારક બસ સેવા પુરી પાડવા માટે નવતર આયોજન કરવામાં આવે છે. રોજબરોજ દોડતી શહેરી બસ સેવા ઉપરાંત લગ્નસરાની મોસમ દરમિયાન તેમજ તહેવારોમાં પણ એસ ટી નિગમ દ્વારા વધારાની બસો દોડાવામાં આવે છે. ગાંધીનગર એસ ટી ડેપો દ્વારા પણ રોજ ૧૦૬ જેટલી બસો શહેરી રૂટમાં દોડવામાં આવી રહી છે. ગાંધીનગર અમદાવાદ વચ્ચે અપડાઉન કરતા કર્મચારીઓ આ રૂટમાં એસ ટી બસ સેવાના આધારે અપડાઉન કરી શકે તે માટે એસ ટી ડેપો દ્વારા ખાસ પોઈન્ટની બસ સેવા પણ શરૂ કરવામાં આવી છે. આ ઉપરાંત સરકારી કાર્યક્રમોમાં પણ એસ ટી બસ સેવાનો વિશેષ ઉપયોગ થાય છે. જયારે લગ્નવર્ધિ માટે પણ સરકાર દ્વારા રાહત દરની યોજના અમલી બનાવાઈ છે. જેના લીધે મહત્તમ નાગરિકો એસ ટી બસ

● અનુસંધાન પાના ૭ પર

બેસણું

અમારા સુપુત્ર **હિતેનકુમાર હરિપ્રસાદ શુક્લ** (કોલવડા, હાલ કલકત્તા)નું દુઃખદ અવસાન તા. ૭-૨-૨૦૧૯ને ગુરુવારના રોજ થયેલ છે. એમનું **બેસણું તા. ૧૬-૨-૨૦૧૯ને શનિવારે બપોરે ૨.૦૦ થી ૫.૦૦ કલાકે** રાખેલ છે.

સરનામું : પ્લોટ નં. ૫૨૦/૧, કોલવડાનગર સોસાયટી, બગીચાની પાછળ, સેક્ટર-૨૮, ગાંધીનગર

સ્વ. હરિપ્રસાદ જેઠાલાલ શુક્લ

અજિતકુમાર હરિપ્રસાદ શુક્લ (ભાઈ) બળવંતરાય જેઠાલાલ શુક્લ (કાકા)
દશરથભાઈ જેઠાલાલ શુક્લ (કાકા) સુમતભાઈ જેઠાલાલ શુક્લ (કાકા)
વિરાજ હિતેનકુમાર શુક્લ (પુત્ર) મહર્ષિ એ. શુક્લ (ભત્રીજો)

પીયર પક્ષનું બેસણું ઉપરોક્ત તારીખ, સમય તથા સરનામે રાખેલ છે.

- સ્વ. ચંદ્રકાન્તભાઈ એન. દવે (પાનસર)

બેસણુ

અમારા પરમપુજ્ય માતૃશ્રી **શાન્તાબેન લક્ષ્મણભાઈ દેસાઈનુ** તા. ૧૩-૦૨-૨૦૧૯ બુધવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

સદ્ગતનુ બેસણુ તા. ૧૫-૦૨-૨૦૧૯ શુક્રવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ કલાકે નીચે સ્થળે રાખેલ છે.
સ્થળ : મહાવીર સોસાયટી, પ્લોટ નં. : ૫૪૦/૨ સેક્ટર - ૨૧, ગાંધીનગર.

દેસાઈ રમેશભાઈ લક્ષ્મણભાઈ
દેસાઈ દિનેશભાઈ લક્ષ્મણભાઈ
દેસાઈ બળદેવભાઈ લક્ષ્મણભાઈ
દેસાઈ દિપકભાઈ રમેશભાઈ
દેસાઈ ધવલભાઈ રમેશભાઈ
દેસાઈ પાર્થ દિનેશભાઈ
દેસાઈ વિરાજ બળદેવભાઈ

હાર્દિક અભિનંદન

ગુંધી રવિન્દ્રકુમાર લક્ષ્મણભાઈ (રવિ રાણા)
ચેરમેન, શિક્ષણ સમિતિ ડીસા નગરપાલિકા

ડીસા નગરપાલિકાની શિક્ષણ સમિતિના ચેરમેન પદે થયેલી આપની વરણીને આવકારી અંતઃકરણથી અભિનંદન પાઠવીએ છીએ. આપ રાજકીય ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિના સોપાનો સર કરો તેવી શુભેચ્છાઓ...

લિ.
ત્રિવેદી રતિલાલ
સોલંકી નરેશભાઈ - નવાવાસ
રાજુભાઈ ઠાકોર (બજરંગ) (ચેરમેન, ટાઉન પ્લાનીંગ સમિતિ, ડીસા નગરપાલિકા)
રાજુભાઈ ઠક્કર
દિનેશભાઈ ઓઝા
કલ્પેશભાઈ ઓઝા
ગુંધી રોહિતભાઈ
જોન્ટી રાણા (સુરેશ રાણા)
કાળુભાઈ માજીરાણા
અશોકભાઈ ત્રિવેદી (મામા)
કૈલાશભાઈ ગુંધી
રમેશભાઈ રાણા (કોર્પોરેટર)
જીતુભાઈ રાણા (કોર્પોરેટર)
પ્રકાશભાઈ રાણા

Special R.M.Ahjoliya
English & Maths
૧૬ ફેબ્રુઆરી, બપોરે ૨ વાગે
By Expert Faculties
વિક એન્ડ બેચ
શનિ-રવિ ફુલ ડે
જનરલ કેટેગરી વિદ્યાર્થીને (EBC)તમામ બેચોમાં પ્રવેશ તદ્દન મફત
જ્ઞાન એકેડમી
સેક્ટર.૬, ગાંધીનગર.
87582 77555

New આર.એમ.આહજોલિયા
જનરલ બેચ
પ્રવેશ ચાલુ છે
સવારે ૭.૩૦, સાંજે ૫.૩૦
TET-II
માર્ચ-૧૯માં શરૂ તમામ વિષયો Part-II માટે
જ્ઞાન એકેડમી
સેક્ટર-૬, ગાંધીનગર.
87582 77555

લીલાછમ વૃક્ષો બચાવવા કેન્ડલ માર્ચમાં જોડાવા આહ્વાન

સિક્સલેન રોડના બહાને હજારો લીલાછમ વૃક્ષો કપાઈ રહ્યા છે.
વૃક્ષોને બચાવવા કેન્ડલ લાઈટ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે.
તમામ નાગરિકોને કેન્ડલ સાથે લઈ લાગણી પ્રદર્શિત કરવા આહ્વાન કરવામાં આવે છે.
યુવાનો, મહિલાઓ તથા સિનિયર સિટીઝન સૌ કોઈને કેન્ડલ લાઈટ રેલીમાં મોટી સંખ્યામાં જોડાવા લાગણીસભર આહ્વાન છે.

: સ્થળ :
ઘ-૪ સર્કલ, ગાંધીનગર.
તા.૧૬-૨-૨૦૧૯, શનિવાર, સમય : સાંજે ૬ થી ૮
લી. પર્યાવરણ બચાવો સમિતિ, ગુજરાત

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com